જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૬/૨૦૨૧ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૫૧૨ | ૦ | ૧૧૫૧૨ | ૧૭૬૩૧ | ૦ | ૧૭૬૩૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૮ | ૦ | ૪૭૦૮ | ૬૨૪૩ | ૦ | ૬૨૪૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૮૭ | ૧ | ૮૮ | ૩૦૩ | ૦ | ૩૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૫૩૮૭૨ | ૩૧૩ | ૫૪૧૮૫ | ૫૪૫૦૯ | ૩૧૬ | ૫૪૮૨૨ |
| | કુલ | ૭૦૧૭૯ | ૩૧૪ | ૭૦૪૯૩ | ૭૮૬૮૬ | ૩૧૬ | ૭૮૯૯૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૯ | ૩,૬૮,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૯૮ | ૨૨,૯૮,૦૦૦/- |

# આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડૉકટરની અટકાયતની વિગત

**એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

## સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં ડીગ્રી વગર દવાખાનુ ધરાવી માનવ આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોકટર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

મે.પોલીસ કમિશનરશ્રી તથા અધીક પોલીસ કમિશનરશ્રી ક્રાઇમબ્રાંચ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ, નાઓએ અમદાવાદ શહેરમાં મિલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડવા તથા એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચના હેડને લગતી કામગીરી કરવા જરૂરી સુચનાઓ કરેલ.

જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમબ્રાંચ, નાઓના સુપરવિઝન તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.જે.ઝાલા નાઓના માર્ગદર્શન આધારે પો.સ.ઇ. શ્રી એમ.એલ.સોલંકી નાઓ તેઓની ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીક્ત આધારે હેલ્થ ઓફીસર સાથે રાખી અમદાવાદ શહેર સાબરમતી મોટેરા સ્ટેડીયમ રોડ ભકિત નગર ખાતે ડીગ્રી વગર દવાખાનુ ધરાવી માનવ આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોકટર કુશલસિંહ જુગતસિંહ રાઠોર ઉ.વ.૪૨ રહે ૧૦/૬, ટાઇગર ફ્લેટ, અગીયારસી માતા મંદિર પાસે, નવા વાડજ, નારણપુરા, અમદાવાદ શહેર નાનો મેડીકલના સાધનો તથા એલોપેથીક દવાઓ કિં.રૂ.૩૩૧૪૫/- સાથે મળી આવતા સદરીની પુછ-પરછ કરતા તે દર્દીઓને એલોપેથીકની દવાઓ આપવા કે તેઓની સારવાર કરવા અંગેનુ કોઇ માન્ય સર્ટીફીકેટ નહિ ધરાવતો હોવાનુ જણાવતા સદરી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી પોલીસ સ્ટેશન તરફ સોંપવા તજવીજ કરેલ છે. તા.૦૮/૦૬/૨૦૨૧



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન (૧)

### મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના હેડ.કોન્સ.મોસીન યાસીનભાઈ બ.નં.૯૧૨૫ તથા પો.કોન્સ. તથા પો.કો.વજાભાઈ દેહુરભાઈ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.એઝાઝુસેન સાબીરહુસેન બ.નં. ૬૪૮ તથા પો. કોન્સ. ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો. એઝાજહુસેન સાબીરહુસેન બ.નં. ૬૪૮ તથા પો. કોન્સ. ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે અલ્તાફ સન/ઓફ અકબરભાઈ જાતે શેખ ઉ.વ.૨૫ રહે. મ.નં. ૨૨ ગુલમહોર સોસાયટી, હિમાલયા બેકરીની આગળ, બેરલમાર્કેટ, દાણીલીમડા અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ સફેદ કલરની એક્ટીવા નં.જીજે.૦૧.એન.જે.૯૧૯૭ કિ,રૂ,૧૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ નારોલ પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૬૫૨૧૦૪૬૧/૨૦૨૧ ધી ઈપીકો કલમ-૩૭૯ મુજબ નો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. ૨૫/૦૪/૨૦૨૧
જા.જોગ નં. ૩૭/૨૦૨૧ દાણીલીમડા પો.સ્ટે.



## દાણીલીમડા પોલીસ સ્ટેશન (૨)

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.પી.ગરાસીયા તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ. ભરતભાઈ ધુળાભાઈ બ.નં. ૩૩૧૮ તથા અ.હેડ.કોન્સ.મોસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા અ.હેડ.કોન્સ. કાનજીભાઈ અમીભાઈ બ.નં.૭૭૯૦ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ તથા પો.કોન્સ.ખુમાનસિહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા પો.કો. રણજીતસિંહ ટેમતસિંહ બ.નં. ૧૩૯૪ તથા એઝાજહુસેન સાબીરભાઈ બ.નં. ૬૪૮ તથા પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.નં. ૬૧૭૭ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના પો.કો.વજાભાઇ દેહુરભાઇ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે વસીમ સલીમભાઈ કુરેશી ઉ.વ. ૨૮ રહે. મ.નં. ૧૬/૧૭ અલઅમીન સોસાયટી, પતરાવાળી મસ્જીદ સામે, હિમાલયા બેકરી રોડ, દાણીલીમડા, અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ રોકડા રૂ. ૨૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૧૨૨૧૦૪૭૩/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ - ૩૭૯ મુજબ નો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## વાહન ચોરીના આરોપીને પકડી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના હેડ.કોન્સ.ભરતભાઈ ધુળાભાઈ બ.નં.૩૩૧૮ તથા પો.કોન્સ. તથા પો.કો.વજાભાઈ દેહુરભાઈ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ખુમાનસિંહ બળદેવભાઈ બ.નં. ૭૨૮૮ તથા પો. કોન્સ. ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.ખુમાનસિંહ બળદેવભાઈ બ.નં. ૭૨૮૮ તથા પો. કોન્સ. ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે જીસાન ઉર્ફે દત્તો સન/ઓફ મજીદભાઈ મેમણ ઉ.વ.૨૯ રહે. મ.ન. ૨/૩ શાહે આલમ સોસાયટી, લાઈફલાઈન સ્કૂલની સામે, દાણીલીમડા અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ હોન્ડા એક્ટીવા 6G નં.જીજે.૨૭.ડી.એન.૯૯૧૨ કિ,રુ,૪૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૨૨૧૦૪૦૩/૨૦૨૧ ધી ઈપીકો કલમ-૩૭૯ મુજબ નો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. ૩૦/૦૫/૨૦૨૧



# મધ્ય પ્રદેશ ખાતેના તેંદુખેડા પોલીસ સ્ટેશનના રેપ વીથ મર્ડરના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## મધ્ય પ્રદેશ ખાતેના તેંદુખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા એક આઠ વર્ષની બાળા ઉપર રેપ વીથ મર્ડર કરનાર રૂ.૩૦,૦૦૦/- ના ઇનામી આરોપીને ઝડપી પાડતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ આપેલ સુચના આધારે વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારાનાઓને મધ્ય પ્રદેશ તેંદુખેડા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૨૧૮/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૬૩ મુજબના કામે એક આઠ વર્ષની બાળાને એક અજ્ઞાત ઇસમ લઇ ગયેલાની ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ થયેલ.જે બાદ ભોગ બનનાર બાળાનુ શબ કેદાર પટેલનાઓના જુના મકાનના પાછળ આવેલ ટપરામા ભરેલ ભુસામાથી મળી આવતા સદર કામે ઇ.પી.કો. કલમ ૩૦૨,૩૭૬ તેમજ પોક્સોની કલમનો ઉમેરો થયેલ હતો.જે બનાવ બન્યા બાદ કેદાર પટેલ નાઓનો દિકરો નિતીન કેદાર પટેલનાઓ ફરાર હોઇ જે શકમંદ હોઇ જેઓએ બાળાની એકલતાનો લાભ લઇ તેની સાથે દુષ્કર્મ આચરેલ અને બાળાએ બુમો પાડતા તેની હત્યા કરી બાળાનુ શબ પોતાના અવાવરૂ ઘરમા રહેલ જગ્યાએ ઘંઉના ભુસામા સંતાડી અમદાવાદ વટવા તથા આજુબાજુના વિસ્તારમા આવતો રહેલ હોવાની શંકા હોઇ જે બાબતે યાદી મળેલ હતી. સદર બાબતે તેંદુખેડા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સાથે પોલીસ ઇન્સ્પેકટર એચ.વી.સીસારાનાઓની ટેલીફોનીક વાતચીત થતા શકમંદ આરોપી વટવા જી.આઇ.ડી.સી. વિસ્તારમા હોવાની હકિકત મળેલ.

જે હકિકત આધારે સર્વેલંસ સ્કોડના પો.સબ.ઇન્સ. વી.એમ.સાટીયા તથા સર્વેલંસ સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી ટેકનિકલ સોર્સ તથા વટવા જી.આઇ.ડી.સી. પોલીસની મદદ મેળવી વટવા જી.આઇ.ડી.સી. ફેઝ-૧ વિસ્તારમા આવેલ જેકસન કંપનીની આસપાસ સદર શકમંદ આરોપીનુ મોબાઇલ લોકેશન આવતુ હોઇ જે આધારે સદર જગ્યાએ તપાસ કરતા સદર શકમંદ આરોપી જેકસન કંપનીના ગોડાઉનમાથી મળી આવેલ.જે શકમંદ આરોપીની ઉપરોક્ત બાબતે કડકાઇથી પૂછપરછ કરતા જણાવેલ કે " તેઓના ઘરની બાજુમા રહેતી એક આઠ વર્ષની બાળા તા.૦૫.૦૬.૨૦૨૧ ના બપોરના સાડા બાર વાગે તેઓના ઘર આગળ બોલથી રમતી હતી જે વખતે આરોપીના ઘરે આ બાળા આવતા આરોપીએ તેની એકલતાનો લાભ લઈ પકડી પોતાના ઘરમા ઢસડીને લઈ ગયેલ અને તેની સાથે દુષ્કર્મ આચરેલ

તે વખતે આ બાળાએ બુમા-બુમ કરતા તેનુ ગળૂ દબાવી હત્યા નિપજાવેલ અને આ બાદ ગુનાથી છુપાવવા માટે બાળાના શબને ઘઉંના ભુસાની અંદર સંતાડી ઓરડી બંધ કરી તાળુ મારી આરોપી પોતાના ઘરે  જતો રહેલ  જે બાદ આરોપી પોતાના ગામથી ટ્રેનમા બેસી અમદાવાદ આવતો રહેલ જે આરોપી નિતીન સ/ઓ કેદાર  કુલસિંહ પટેલ ઉ.વ. ૧૯ રહે.વોર્ડ નં. ૯ તેંદુખેડા જી.નરસિંહપૂર (મધ્ય પ્રદેશ) નાઓને વટવા જી.આઇ.ડી.સી. જેકસન કંપનીના ગોડાઉનમાથી ટેકનિકલ સોર્સ આધારે વટવા પોલીસે પકડી  સારી કામગીરી કરી સદર આરોપીને મધ્ય પ્રદેશ તેંદુખેડા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ.તા.૦૮.૦૬.૨૦૨૧

## કામગીરી કરનાર પોલીસ અધિકારીશ્રી / કર્મચારીઓ :

(૧) પો.ઇન્સ.શ્રી એચ.વી.સીસારા વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૨) પો.સબ.ઇન્સ. વી.એમ.સાટીયા વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૩) ASI વિજયરાજસિંહ પ્રતાપસિંહ બ.નં. ૧૩૬૩૦ વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૪) ASI મનોજકુમાર રણછોડભાઇ બ.નં.૮૧૮૨ વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૫) ASI મહેંદ્રસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૩૬૩૨ GIDC વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૬) અ.પો.કો. હિતેષભાઇ નાગજીભાઇ બ.નં. ૧૩૨૧૪ વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૭) અ.પો.કો. પ્રતિપાલસિંહ પ્રવિણસિંહ બ.નં. ૧૦૨૭૦ વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૮) અ.પો.કો.જગદિશસિંહ રાજેંદ્રસિંહ બ.નં.૧૦૩૯૧ વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૯) અ.લો.ર.મનિષકુમાર કાનજીભાઇ બ.નં.૧૩૦૦૭ GIDC વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૦) અ.લો.ર.રવિકુમાર શાહુભાઇ બ.નં. ૪૨૬૫ GIDC વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પીસીબી

## બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૩ ઈસમોને  કુલ્લે રુપિયા ૧૮,૯૨૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ આપેલ સુચના અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન  હેઠળ તા.૮.૬.૨૧ ના રોજ નાઓ સ્ટાફના અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિહ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે બાપુનગર મણીલાલ ની ચાલી રહેમાનીયા મસ્જીદ મ.ન.૨૧૩ આગળ જાહેરમા આરોપીઓ  મોહમંદ ઉમર મોહમંદ ઈશાક રહે.પઠાણની ચાલીના કાચા છાપરામા, પીરસાદ બાબાની દરગાહ સામે, ગોમતીપુર અમદાવાદ તથા અન્ય ૨ આરોપીઓ મળી કુલ્લે ૩ આરોપીઓને બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટિંગનો આંક લખી નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧૩,૪૨૦/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧૮,૯૨૦/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી બાપુનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૦૭૨૧૧૨૦૬/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) મોહમંદ ઉમર મોહમંદ ઈશાક રહે.પઠાણની ચાલીના કાચા છાપરામા, પીરસાદ બાબાની દરગાહ સામે, ગોમતીપુર અમદાવાદ

(૨) મુકેશભાઈ હરીભાઈ ભીલ રહે.દેવાભાઈની ચાલી, લીલાનગર ખોડીયારનગર નિકોલ અમદાવાદ

(૩) પ્રકાશકુમાર રાજારમ બડગુર્જર રહે.સત્યનારાયણની ચાલી વિરાટનગર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર

**વોન્ટેડ:** મહમંદ સરવર અબ્દુક કરીમ બુરજી રહે.મ.ન.૨૩૧ મણીલાલની ચાલી બાપુનગર અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** બાપુનગર મણીલાલ ની ચાલી રહેમાનીયા મસ્જીદ મ.ન.૨૧૩ આગળ જાહેરમા

**પકડાયેલ મુદામાલ :** (૧) રોકડા નાંણા રૂ.૧૩,૪૨૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૨ કિંમત રૂ.૫૫૦૦/ (૩) સટ્ટા સ્લીપ નંગ ૭ કિ.૦૦/ (૪) બોલપેન નગ ૧કિ.૦૦/ મળી કુલ્લે રૂ.૧૮,૯૨૦/- ની મત્તાનો  મુદ્દામાલ



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૩/૨૦૨૧**

**શાહપુરઃ** સમીરઅલી ફકીરમોહમદ મોમીન (રહે. મોટી મોમીનવાડ કાંચબાના ડેલા પાસે ગાયકવાડ હવેલી જમાલપુર) એ તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૧ સાજના ૫/૩૦ થી તા.૦૮/૦૬/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર જેપી ચોક ગોલ્ડન ટાવર ગોડાઉન દુકાન નં.૧૦ ના તાળા તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉનમાંથી એ.સી.નંગ-૩ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૪/૨૦૨૧**

**આનંદનગરઃ** મિલિન્દ ઉર્ફે બંટી દિલિપભાઇ યાદવ (ઉ.વ.૩૦) (રહે. આનંદનગર ફ્લેટ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મોહમદહનિફ મુસ્તુફામીયા ચલાવે છે.

**શાહીબાગઃ** શૈલેશકુમાર રમેશચન્દ્ર જૈન (ઉ.વ.૩૨) (રહે. સુજાતા ફ્લેટસ રાજસ્થાન હોસ્પિટલ રોડ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિહ સુરાજી ચલાવે છે.

**રામોલઃ** ધર્મેશભાઇ વિજયભાઇ ઠાકર (ઉ.વ.૪૦) (રહે. રાજનગર સોસાયટી જનતાનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૧ સવારના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી